ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૭૦/૧૮–૧૯/ 851 તારીખ : [illegible] MAR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી અરવિંદભાઈ નાથાભાઈ ધામત,
સરદારનગર સોસાયટી,
કીકાણી પ્લોટ, લીલીયા મોટા,
તા.લીલીયા મોટા, જી.અમરેલી–૩૬૫ ૫૩૫.
**મો.નં. ૯૯૭૪૪ ૨૯૩૦૫.**

કેસ નં.૧૭૦/૧૮–૧૯

**વિષય : ઘર વપરાશના વીજ કનેકશનનું એવરેજ બીલીંગ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૧/૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૦૧.૦૨.૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૦/૧૮–૧૯/૫૧૨ તા.૦૪/૦૨/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૮/૦૨/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૧.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **લીલીયા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૨ ગ્રાહકને એવી ધમકી આપવામાં આવી કે જલ્દીથી રૂપિયા ભરી દેવા નહી તો કનેકશન કાપી લેવામાં આવશે. જેથી ગ્રાહકે રૂા.૫૦૦૦ – સપ્ટે.–૨૦૧૮ માં ભરેલ છે. ગ્રાહકનું એવું કહેવું છે કે તેમણે મીટર સાથે કોઈપણ જાતની છેડછાડ કરેલ નથી અને લેબોરેટરી ચેકીગ વખતે ખાલી મીટરને ઉપરથી ચેક કરીને સીલ ઓ.કે. છે કે નથી એમ જ ચેક કરીને ઓ.કે. કરેલ છે જેનાથી અંદરના યુનિટ શો કરતા નંબરના મીકેનીઝમમાં કોઈ ગડબડ ના હોઈ તેની કોઈ ખાતરી થતી નથી.

૧.૩ તો છેલ્લે આપશ્રીને વિનંતી છે કે આ વિષયમાં ગ્રાહકનો કોઈપણ જાતનો વાંક ન હોવાથી મીટર રીડર જે બીલ બનાવે તે રેગ્યુલર ભરી દીધેલ છે તો જે આ એકી સાથે આવેલ બીલની પારદર્શી તપાસ થાય તેવી વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી અરવિંદભાઈ નાથાભાઈ ધામત, રહે.લીલીયા મોટા, સરદારનગર સોસાયટી, કીકાણી પ્લોટ, તા.લીલીયા મોટા, જેઓ ઉપર મુજબના સરનામે ગ્રાહક નં.૮૪૦૫૧/૦૩૦૮૮/૧ નું ઘરવપરાશ હેતું નું વીજજોડાણ ધરાવે છે, જે સત્ય છે.

૨.૨ તા.૩૧.૦૭.૧૮ ના રોજ પ્રફોર્મા–૧૫ નં.૧૧૯૩૫૩ થી ગ્રાહકનું કબુલાત નામુ ભરી મીટર બદલવામાં આવેલ છે, જેમાં જુના મીટરના રીડીગ ૧૦૪૩૧.૧ યુનિટ સ્પષ્ટ લખેલ દેખાય છે. સદર મીટરની લેબોરેટરી પરીક્ષણ માટે ગ્રાહકને ત્રણ તા.૦૮.૦૮.૧૮, ૧૫.૦૮.૧૮ અને ૨૨.૦૮.૧૮ આપવામાં આવેલ હતી પરંતુ ગ્રાહક ઉપર મુજબની ત્રણ તારીખમાંથી એકપણ તારીખે લેબોરેટરી અમરેલી ખાતે હાજર રહેલ નથી. જેથી કંપનીના નિયમ મુજબ એક તરફી મીટર ખોલવાની સંયુકત ચકાસણી તા.૨૯.૦૮.૧૮ ના રોજ કરવામાં આવેલ છે, જે અંગેનો રીપોર્ટ શીટ નં.૧૫૫૨૨ ભરવામાં આવેલ છે. જે મુજબ મીટર બરાબર માલુમ પડેલ છે. જેમાં મીટરના રીડીગ ૧૦૪૩૧.૧ દર્શાવેલ છે, જે મીટર બદલાવતી વખતે જે રીડીગ હતા તે જ માલુમ પડેલ છે.

૨.૩ સદર ગ્રાહકના કનેકશનમાં તા.૧૪.૦૨.૧૯ ના રોજ સ્થળ તપાસ તથા લોડ વેરીફાય કરવામાં આવેલ છે અને સ્થળ પર પ્રફોર્મા–૧૫ નં.૧૩૩૭૫૧ ભરવામાં આવેલ છે જે મુજબ ગ્રાહકનો કનેકટેડ લોડ ૧.૦૬૪ KW જેટલો જોવા મળે છે તથા નવા મીટરના રીડીગ ૫૨૩ KWH દર્શાવેલ છે.

૨.૪ ગ્રાહકની રજુઆતમં જણાવ્યા મુજબ તેમજ તેમના ઘરમાં જોડેલ લોડ મુજબ અને નવા મીટરમાં નોંધાયેલ રીડીગ મુજબ તેમનો વપરાશ ૨૦૦ થી ૨૫૦ યુનીટ જેટલો છે. પરંતુ સદર ગ્રાહકના ૧૪૫ PRT મુજબ ઘણા બધા બીલીગમાં ૫૦ યુનિટના આસપાસના બીલ બન્યા હોય તેમ જણાય છે. સદર ઓછા રીડીગ ના બીલ બનાવવા બાબતે જે તે મીટર રીડરોના ખુલાસા પણ માંગવામાં આવેલ છે. સદર મીટરનું લેબ ચકાસણી દરમ્યાન મીટર બરાબર માલુમ પડેલ છે. જેથી સદર રીડીગ વીજ વપરાશના નોંધાયેલ છે તે સ્પષ્ટ થાય છે. સદર રીડીગ મીટરમાં નોંધાયેલ હોઈ, ગ્રાહકને ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર અરવિંદભાઈ નાથાભાઈ ગામ–લીલીયામાં ઘરવપરાશનું સીગલ ફેઈઝ વીજજોડાણ ગ્રાહક નં.૮૪૦૫૧ ૦૩૦૮૮૧ થી ધરાવે છે.

૩.૨ ગ્રાહકનાં વીજજોડાણનું એનાલોગ મીટર તા.૩૧.૦૮.૧૮ ના રોજ પ્રતિવાદીએ બદલાવેલ. ગ્રાહકનું મીટર એનાલોગ હોઈ, તેના સ્થાને નવું સ્ટેટીક મીટર લગાડવા માટે જુનુ મીટર બદલવામાં આવેલ. મીટર બદલતા સમયે તેમાં જોવા મળેલ રીડીગ ૧૦૪૩૧.૧ હતાં.

૩.૩ ગ્રાહકને આપવામાં આવેલ અલગ અલગ ત્રણ તારીખે ગ્રાહક હાજર ન રહેતાં, પ્રતિવાદીએ વાદીનું મીટર તા.૨૯.૦૮.૧૮ ના રોજ એકપક્ષીય લેબ પરીક્ષણ કરેલ, જે માટે પ્રતિવાદીએ લેબનો રીપોર્ટ શીટ નં.૧૫૫૨૨ રજુ કરેલ છે. આ પરીક્ષણ અહેવાલમાં મીટરના બોડી સીલ, ટર્મીનલ કવર સીલ તેમજ એમ.એમ.બી. સીલ ઓ.કે. બતાવેલ છે તેમજ લેબ રીઝલ્ટ ઓ.કે બતાવેલ છે.

૩.૪ વાદીનાં મે–જુન–૧૮ ના વીજબીલમાં રીડીગ ૭૬૮૧ ની નોંધ કરેલ છે. જયારે પ્રતિવાદીનું જુના મીટરમાં તા.૩૧.૦૭.૧૮ ના રોજ નોંધ કરેલ રીડીગ ૧૦૪૩૧.૧ છે આથી વાદીને પ્રતિવાદીએ ૨૪૫૬ યુનિટનું વપરાશનું બીલ જુલાઈ–ઓગસ્ટ–૧૮ માં આપેલ છે.

૩.૫ વાદીના નવા લગાડેલ મીટરમાં તા.૩૧.૦૭.૧૮ થી તા.૧૪.૦૨.૧૯ ના સમય દરમ્યાન ૫૨૩ યુનિટની વીજ વપરાશ જોવા મળેલ છે જે મુજબ એક દિવસની વીજવપરાશ ૨.૬૩ તેમજ દ્વિમાસીક વીજવપરાશ ૧૫૮ યુનિટની થાય.

૩.૬ પ્રતિવાદીએ રજુ કરેલ વાદીનાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળાની વીજવપરાશના આંકડા જોતાં વાદીને માર્ચ–એપ્રિલ–૧૭ થી મે–જુન–૧૮ ના સમયગાળા દરમ્યાન મળેલ વીજ વપરાશના બીલની એવરેજ વપરાશ ૨૨૫ યુનિટ જેવી થાય છે, જે નવા મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ કરતાં વધુ છે.

૩.૭ તારણ નં.૩.૬ ઉપરથી જણાય છે કે વાદીને મળેલ વીજ વપરાશના બીલમાં બતાવેલ વીજ વપરાશને રીડીંગ બરાબર માલુમ પડેલ તેમજ દર બે માસે પ્રતિવાદીના મીટર રીડર દવારા સ્થળ પર રીડીગ લઈ અને વીજવપરાશના બીલ આપવામાં આવેલ છે.

૩.૮ લેબ પરીક્ષણમાં વાદીનાં મીટરના સીલ બરાબર માલુમ પડેલ છે પરંતુ પ્રતિવાદીએ વાદીના જુના મીટરનું ખોલી અને વીજ પરીક્ષણ કરવું જોઈતું હતું, જેથી કોઈ તાંત્રિક ખામી હોય તો જણાઈ શકેત, જે પ્રતિવાદીએ નથી કરેલ.

૩.૯ તારણ નં.૩.૭ અને ૩.૮ પરથી સ્પષ્ટ થાય છે કે વાદીને આપવામાં આવેલ ૨૪૫૬ ની વીજ વપરાશનું બીલ ૨ માસમાં વપરાશ થઈ શકે નહી તેમજ વાદીનાં વીજ સ્થાપન પર જોડેલ લોડ ૧.૦૬૪ KW છે તેમજ વાદીનાં મીટરનું પુરેપુરૂ નિરીક્ષણ કરવામાં આવેલ ન હોઈ, વાદીને આપવામાં આવેલ ૨૪૫૬ નું બીલ રદ થવાને પાત્ર છે તેમજ જુલાઈ–ઓગ–૧૮ નું વીજ વપરાશ બીલ પ્રતિવાદીએ જાન્યુ.–ફેબ્રુ–૧૮ થી મે–જુન–૧૮ થી

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

વાદીની વપરાશ પરથી એવરેજ વપરાશનું બીલ આપવું.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર. વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :-૧૮.૦૨.૨૦૧૯

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.